





ડૂબાડશે દેશ, એવા નેતા, સૂકાન લઇ બેઠા છે,
ઉદ્યોગપતિના 'દબાણે' તૂફાન લઇ બેઠા છે,
વેંચે છે ખનીજ, ગેસને જમીનો મફતના ભાવે -
કરે ખોટ ખાઇને ધંધા, દૂકાન લઇને બેઠા છે -




લોકસભામાં,
ખોટા વાદે ખર્ચાય -
નાણાં-સમય..
(પરિણામ વિનાની પરીક્ષા)

ભૂખ્યાં ગીધોનો,
મંડરાય છે ડોળો -
સત્તાના શબે..
(સિધ્ધાંત વિહીન પક્ષાંતરો)

## ચિંતન

**સેવિતવ્યો મહાવૃક્ષઃ ફલચ્છાયા સમન્વિતઃ ।**
**યદિ દૈવાત્ફલં નાસ્તિ છાયા કેન નિવાર્યતે ॥**

'ફળ પામવાની ઇચ્છાવૃત્તિથી મોટાં વૃક્ષને સેવવું જોઇએ, સેવા કરવી જોઇએ. જો સદ્‌નશીબ તો એ સેવાના ફળ મળે છે અને જો ફળ પ્રાપ્ત ન થાય તો પણ એ મહાવૃક્ષનો છાંયડો તો મળે જ છે ને?'

સચિવશ્રીઓનાં પીએ અને પ્રધાનશ્રીના કાર્યાલયમાં કામ કરતો કોઇ પણ નાનામાં નાનો માણસ પણ કોઇ સાથે રૂબરૂ કે ફોનમાં વાત કરતો હોય ત્યારે 'પ્રધાનશ્રીના કાર્યાલયમાંથી બોલું છું' કહે પ્રધાનશ્રી જ બોલતા હોય એવા રણકારથી જ વાત કરતા હોય છે.

આવા વટવૃક્ષની છાયામાં જ રહેવું જોઇએ. મોટા માણસ પછી એ ધનિક હોય, મોટા સંત હોય તેમની નિશ્રામાં રહેવાથી તેમની 'નામના'નો છાંયડો લાભ તો મળે છે પણ ક્યારેક નશીબ હોય તો સારી-મોટી તક પણ મળી જાય છે.

મોટા સંત-મહાત્માના શિષ્યો પણ પૂજાય છે, પ્રધાનશ્રીની સાથે મૂલાકાત ગોઠવી આપવા પીએ, પટાવાળાનું પણ ખાસ મહત્ત્વ હોય છે તેથી જ અહીં કહ્યું છે મહાવૃક્ષનો આશ્રય કરવો. નશીબે 'ફળ' તો મળે નહીં તો છાંયડો લેવામાં કોણ અટકાવે?

## સુવિચાર

- સંતોષી માનવી સદાય ભલો સ્વભાવ ધરાવતો હોય છે - **સ્પેન્સર**
- જગતમાં બુધ્ધિનો સૌથી વધુ દુરૂપયોગ માનવ પ્રાણી જ કરે છે - **ચાંપશી ઉદ્દેશી**
- ચર્ચા કરતાં બધાએ આવડે પણ 'વાતચીત' બહુ ઓછાને આવડે છે - **આલકોટ**
- જે પોતાની જીભ પર કાબૂ રાખી શકતો નથી એની અંદર સચ્ચાઇ નથી - **ગાંધીજી**
- હૃદય નિર્ણય કરે છે, મન એ નિર્ણયના અમલની યોજના બનાવે છે અને હાથ-શરીર એનો અમલ કરે છે - **ગિબન**
- અનુભવમાંથી જન્મેલી નમ્રતા જ્ઞાનનું પાસું છે - **લોકમાન્ય તિલક**
- વિધાતા નહીં, દરેક વ્યક્તિ પોતાનું નશીબ પોતે જાતે જ લખે છે - **સેલેસ્ટ**

## બોધ કથા

આજકાલ સરકારી હોય કે ખાનગી, કર્મચારીને પોતાના અધિકારી, નોકરી તરફની કર્તવ્યનિષ્ઠા, લાગણીના સંબંધો કે માનવતાનો ધર્મ, કંઇ જ રહ્યું નથી, થોડા વધારે-મોટા પગારની ઓફર મળે તો જૂના સંબંધો, સાહેબો અને સહકર્મચારીઓને લાત મારી દે!

ગુજરાતમાં સાહિત્ય, વિદ્યા-અભ્યાસ અને ઇતિહાસની શ્રેષ્ઠત્તમ પ્રણાલિકાઓ શરૂ કરનારા સર્વપ્રથમ બે જણ-જેમ્સ ફાર્બસ અને કવિ દલપતરામ સાહિત્યમાં એમનો ફાળો મોટો. દલપતરામના મિત્ર બની ગયા હતા ફાર્બસ. બંને વચ્ચે અતૂટ-આત્મીય મૈત્રી સંબંધ. ફાર્બસે ગુજરાતી સાહિત્યના વિકાસ માટે વર્ણાક્યુલર સોસાયટીની સ્થાપના કરી અને આ સંસ્થાના હવાલો દલપતરામને સોંપ્યો. વીસ રૂપિયા પગાર પણ બાંધી આપ્યો. દલપતરામે પણ જીવ રેડી સંસ્થા અને ભાષાની સેવા કરી.

એવામાં ફાર્બસની બદલી ઇંગ્લેન્ડ થઇ ગઇ. દલપતરામનો પણ સંસ્થામાંથી રસ ઊડી ગયો. કર્ટિસ નામના નવા અધિકારી આવ્યા. દલપતરામને બસો રૂપિયાની નવી નોકરી મળી ગઇ. વર્નાક્યુલર સોસાયટીનું કામ ઠપ્પ થઇ ગયું. કર્ટિસ મુંઝાયા. દલપતરામ પાછા આવી સંસ્થા સંભાળે તો જ ચાલે એમ હતું.

કર્ટિસે - ફાર્બસને પત્ર લખ્યો. ફાર્બસે મિત્ર દાવે દલપતરામને દબાણ કર્યું. બસો રૂપિયાની નોકરી છોડી દલપતરામ ફરી વીસ રૂપિયાની નોકરીમાં પાછા આવ્યાં.

આજે આવી દોસ્તી ક્યાં જોવા મળશે?

# કુદરત અને વિવિધતાનાં અદ્‌ભૂત રંગો ચારે તરફ વિખરાયેલા છે... આંખ, કાન, નાક અને મન ખુલ્લા રાખવા પડશે...

## કદમ કદમ પર હૈ નયી દુનિયા

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

પ્રકૃતિ સતત પરિવર્તનશીલ છે - બદલાતી, ફેલાતી, ખિલતી, મુરઝાતી - ગતિશીલતા એનું અદ્‌ભૂત લક્ષણ છે. આજે જોયેલું વૃક્ષ આવતીકાલે એનું એ જ નથી રહેતું, આજે જોયેલી નદી આવતીકાલે બદલાઇ જાય છે - સાતત્ય અને નવીનતા. કુદરતની પોતાની ભાષા છે, જેની કોઇ લિપિ નથી, જેમાં કોઇ શબ્દો નથી કે, શબ્દકોશ નથી - તેને સાંભળવા ખુલ્લું મન જોઇએ - આંગલીઓ વડે તે ભાષા વાંચી શકાય છે - સ્પર્શ તેને ઉકેલી શકે છે. પૃથ્વી પર જીવનની વિવિધતાએ રંગોનો આખો કેનવાસ સર્જી નાખ્યો છે, કોસ્મિક સિમ્ફનીની મધુરતમ્ ધૂન રેલાવી દીધી છે અને ભીની માટીનાં થરોની વચ્ચેથી આકાશ તરફ જોતો કોઇક નાનો સજીવ એમ વિચારી રહ્યો છે યે કૌન ચિત્રકાર હૈ? યે કૌન ચિત્રકાર હૈ?

વર્ષો પૂર્વે - અબજો વર્ષો પહેલાં મોતની કરીબ આવેલા સિતારાની છાતીમાં ભીષણ દબાણ અને તાપમાનના પરિણામે કેટલાંક તત્ત્વો રચાયા. તમારા DNA માનો નાઇટ્રોજન, શ્વાસમાં લો છો તે ઓક્સિજન કે પછી આંખો અને ખિસ્સામાં ચમક ભરી દે છે તે સોનું આવા જ કોઇ અંત પામતા તારાનાં કેન્દ્રમાં બન્યા છે. એટલે મૂળભૂત રીતે આપણે સૌ સિતારાનાં સંતાન છીએ - ઓસ્કાર વાઇલ્ડની એક વાર્તાનું શીર્ષક હતું - સ્ટાર ચાઇલ્ટ.

આશરે સાડા ચાર અબજ વર્ષો પૂર્વે પૃથ્વીનો પિંડ બન્યો અને પછી જે ઘટનાક્રમ શરૂ થયો. તેણે જીવનને એક ચરમ પર પહોંચાડી દીધું. પાણીની અંદર સર્જાયેલા એક કોષીય સજીવથી આજનામાં કોમ્પલેક્સ મલ્ટીસેલ્યુલર ઓર્ગેનિઝમ્સ સુધી... નરી આંખેના દેખાતા બેકટેરીયાની મહાકાય બ્લ્યૂ વ્હેલ સુધી નાના તણખલા જેવા ઘાસથી એકદમ ઊંચા કેલિફોર્નિયન રેડવુડ સુધી... જીવનમાં વિકાસક્રમે વિવિધતાનાં રંગો પૃથ્વીનાં કેનવાસ પર વિખેરી દીધાં... સ્પેક્ટ્રમ ઓફ લાઇફ.

એક તરફ આફ્રિકાની ઉત્તરમાં હજારો ચો.કિ.મીમાં પથરાયેલું સાવ શુષ્ક એવું સહારા રેગિસ્તાન છે. તો બીજી તરફ વરસાદમાં સતત ભીંજાતા એમેઝોનનાં વર્ષાવનો છે. એક તરફ મસાઇમારા નદીનાં ઉફનતા પાણીમાં મગરનાં જડબાઓ કૂદાવીને વરસાદની પાછળ દોડતાં વીલ્ડર બીસ્ટ છે તો બીજી તરફ સાઇબિરીયાની કાતિલ ઠંડીમાં બરફ વડે છવાયેલા જળાશય પાસે ઊભેલાં કેટલાંક રેન્ડિયર છે.

જીવન સંઘર્ષની પણ એક અદ્‌ભૂત ગાથા ગવાઇ રહી છે. કોઇ જીવડા પર જીભ લપકાવતી ગરોળી - કીડાં ચટ કરતો દેડકો - શિકારની ગરદન પર દાંત ગડવતો ચિત્તો - સંઘર્ષે જ વિવિધતા સર્જી અને સંતુલન પણ. ઘણાના મનમાં સવાલ ઊઠે છે કે કુરસતની દુનિયામાં મત્સ્ય ન્યાય કેમ? જે વ્યવસ્થા જીવનમાં વિકાસમાં પથ પરછે, ત્યાં મૃત્યુ કેમ? કુદરત સતત સંતુલન પર ચાલે છે - નિયંત્રક પરિબળોની ગેરહાજરી એ વિવિધતાને ખલેલ પહોંચાડી શકે છે - એનાં ઘણાં ઉદાહરણો પણ છે - એક પ્રખ્યાત ઉદાહરણ છે - કોંગ્રેસ ઘાસ. લગભગ ૧૯૫૦નાં દાયકામાં અમેરિકાથી કોંગ્રેસ સરકારે આયાત કરેલા PL - 450 જાતનાં ઘઉંની સાથે આ ઘાસનાં બીજ આવેલા અને પછી આ વનસ્પતિ આખા ભારતભરમાં ફેલાઇ ગઇ. ભારતનાં કુદરતી પરિવેશમાં આ એક ઘૂસણખોરી હતી, અને એટલે અહીંની ઇકોસિસ્ટમમાં તેનું કોઇ નિયંત્રક પરિબળ કુદરતી રાહે વિકાસ પામી શક્યું નહતું - એક એવી વનસ્પતિ જેનો કોઇ ભક્ષક નહી, જેની પોષણ જરૂરિયાતો સાવ ઓછી તે ખૂબ જ થોડા સમયમાં જંગલોમાં - જમીન પર ફેલાઇ ગઇ - અને આ ફેલાવાએ અન્ય બીજી નાની વનસ્પતિઓનાં વિકાસમાં બાધા નાખી. લેન્ટેના, હાયસિન્થ, વિલાયતી તુલસી આવા જ કેટલાંક ઉદાહરણ છે. અર્થતંત્રની જેમ અહીં પણ મોનોપોલી નુકસાન-કર્તા છે વિવિધતા એ જીવનનાં વિકાસની શરત છે - વિવિધતા વિના તે શક્ય પણ નથી.

ભારત જેવો ઉપમહાદ્વીપ પણ આ જ વિવિધતાનાં પ્રતાપે પર્યાવરણીય કે પ્રાકૃતિક દૃષ્ટિએ સમૃધ્ધ બન્યો છે - જંગલ, બરફ, રેતી, તટ, ટાપુ, દરિયો... ભારત સમૃધ્ધ છે - વેસ્ટર્ન ઘાટ કે પશ્ચિમી ઘાટ એ પુષ્કળ વિવિધતા ધરાવતો વિસ્તાર છે - જેને થોડો વખત પહેલાં જ વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો મળ્યો, એ જ રીતે પૂર્વોત્તર ભારતનાં જંગલો, જ્યાં દુર્લભ એકશૃંગી ભારતીય ગેંડો અને ભારતનો એક માત્ર વાનર (વાંદરો નહીં) (હોમો સેપિયન સેપિયન્સ કહેવાતી માનવપ્રજાતિ વાનર/Monkey માંથી ઉત્ક્રાંતિ પામી છે, વાંદરા/Apesમાંથી નહીં) હુલોક ગિબન જોવા મળે છે તે પણ એક મેગાડાઇવર્સિટી હોટસ્પોટ છે. ઘોરાડ, ફ્લોરીકન, મેગાપોડ (નેવી અને કેન્દ્ર વચ્ચે વિવાદ ઊભો કરી દેનાર નિકોબાર ટાપુ પરનું દુર્લભ પક્ષી), નારકોન્ડમ હોર્નબિલ જેવા દુર્લભ થતાં જતાં પક્ષીઓ તથા ઘડિયાલ જેવો પ્રાગ ઐતિહાસિક કાલીન મગર, જે ફક્ત ભારતમાં જ જોવા મળે છે... આવી કેટલીય પ્રજાતિઓનું ઘર ભારતીય ઉપમહાદ્વિપ છે... પરંતુ શોષણ અને શિકારે ભારતમાંથી ચિત્તા નાબૂદ કરી દીધા. સિંહ, વાઘ, ગેંડા જેવા પ્રાણીઓની સંખ્યા ઘટાડી દીધી. પણ સમય રહેતા સરકારી આંખો ખુલી ગઇ અને પ્રોજેક્ટ ટાઇગર, પ્રોજેક્ટ રાઇનો, પ્રોજેક્ટ એલિફન્ટ જેવી યોજનાઓ ચાલે છે. છતાં પણ આજે, વાઘ, ગેંડા, હાથીનો શિકાર ચાલે છે - શિકારીઓ પર લગામ કસવા કેટલાંક વિસ્તારોમાં શૂટ એટ સાઇટનાં ઓર્ડર પણ અપાયાં છે... ખેર છતાં પણ આ પ્રાણીઓનાં સંરક્ષણ બાબતે આપણને સારી એવી સફળતા મળી છે. IOCN, WWF જેવી સંસ્થાઓ આંતરરાષ્ટ્રીય સંમેલનો અને પરિષદોમાં ચર્ચા અને નિર્ણયોનાં દોર ચાલી રહ્યાં છે. બગડેલી બાજીને સુધારાની એક કોશિશ...!! આગે રામ જાને...!!

ખેર, કુદરત અને વિવિધતાનાં અદ્‌ભૂત રંગો ચારે તરફ વિખરાયેલા છે... આંખ, કાન, નાક અને મન ખુલ્લા રાખવા પડશે... કેમ કે, જીવનની વિવિધતા એ આપણાથી અલગ નથી - કેમ કે આપણે પણ એ જ વિવિધતાનો એક ભાગ છીએ... અને એટલે જ - હમ બચેગે તો દુનિયા બચેગી ઐસા નહીં હૈ, દુનિયા બચેગી તો હમ બચેંગે...

-ch9723367947@yahoo.com


## આજના દિવસનો મહિમા
**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૭મી ડિસેમ્બર**

- ૭-૧૨-૧૮૭૭ આજના અમદાવાદની સાંસ્કૃતિક પરંપરાના મશાલચી ભોગીલાલ-લાલાકાકાની જન્મજયંતિ. અસહકારની ચળવળથી શરૂ કરી, ૪૦ વરસ સુધી જનસેવા-રાષ્ટ્રસેવા કરનારા લાલાકાકા અવિસ્મરણીય છે.
- ૧૮૩૫ - જર્મનીમાં રેલ્વે શરૂ થઇ.
- ૧૮૫૬ - હિન્દમાં પ્રથમવાર વિધવાવિવાહ થયા.



- ૧૭૮૨ - ટીપુ સુલતાન ગાદીએ બેઠો.
- ૧૯૦૩ - ગરમી અંગે (ડાયમેઝિકલ) સિધ્ધાંતના શોધક વિલિયમ થોમસનું અવસાન.
- ૧૯૫૮ - સાક્ષર નારીરત્ન વિદ્યામણી નિલકંઠનું અવસાન.



- ૭-૧૨-૧૯૨૧ - BAPS ના સૂત્રધાર, 'બીજાના ભલામાં આપણું ભલું' એવું સૂત્ર આપનારા સ્વામિનારાયણ સંત પરંપરાના પાંચમાં સંત પ્રમુખ સ્વામી મહારાજનો જન્મદિન.

# પોલાર સેટેલાઇટ લોંચ વ્હીકલ મારફતે કઇ સાલમાં ઓનસેટ-૨ અંતરિક્ષમાં મૂકવામાં આવ્યું હતું?

### વિષય : વિજ્ઞાન જગત

(૧) ભારતે કઈ ટેકનોલોજી વિકસાવી છે, જેના આધારિત ભારતીય સેનાના વિમાન હવે રડાર પરથી અદશ્ય થઈ જશે?
(અ) સ્ટિલ્થ ટેકનોલોજી (બ) સ્પીટ ટેકનોલોજી
(ક) સ્પીરીટ ટેકનોલોજી (ડ) સ્લિપ્ટ ટેકનોલોજી
(૨) સ્ટિલ્થ ટેકનોલોજીના મટીરીયલ્સને ખાક પ્રકારના રંગમા ભેળવીને જો વિમાન પર કેટલા મિલિમીટરથી પણ ઓછા વ્યાસનું કોટીંગ કરી દેવામાં આવે તો વિજ્ઞાન રડારને માત આપવામાં સફળ થાય છે?
(અ) ૦.૧ (બ) ૦.૩ (ક) ૦.૫ (ડ) ૦.૭
(૩) પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ મારફતે કઈ સાલમાં ઓનસેટ-૨ અંતરિક્ષમાં મૂકવામાં આવ્યું હતું?
(અ) ૨૦૦૫ (બ) ૨૦૦૭ (ક) ૨૦૦૯ (ડ) ૨૦૧૦
(૪) ભારતમાં સ્ટિલ્થ ટેકનોલોજી ઉપર કેટલા વર્ષોથી કાર્ય ચાલી રહ્યું હતું?
(અ) ઓનલ-૧ (બ) ઓનસેટ-૪
(ક) આર્ગેન-૨ (ડ) ઓનસેટ-૨
(૫) ભારતમાં સ્ટિલ્થ ટેકનોલોજી ઉપર કેટલા વર્ષોથી કાર્ય ચાલી રહ્યું હતું?
(અ) દસ (બ) આઠ (ક) બાર (ડ) બે
(૬) કાર્બન ડાયોક્સાઈટના ઉત્સર્જનને નિયંત્રણમાં લેવામાં નહી આવે તો સમુદ્ર જળનું સ્તર કેટલા મીટર વધી જશે?
(અ) ૪ મીટર (બ) ૫ મીટર
(ક) ૬ મીટર (ડ) ૧૦ મીટર
(૭) બ્રિટીશ એન્ટાર્કટીકાના સર્વે મુજબ વાતાવરણમાં જયારે $CO^2$ નું પ્રમાણ વધે તો એન્ટાર્કટિકાના તાપમાનમાં કેટલાં ડિગ્રી સેલ્સિયસમાં વધારો થશે?
(અ) ૨ ડિગ્રી (બ) ૪ ડિગ્રી (ક) ૬ ડિગ્રી (ડ) ૧૨ ડિગ્રી
(૮) અમેરિકામાં આલ્બર્ટ આઈન્સ્ટાઈન કૉલેજ ઑફ મેડિસીનની એક આંતરરાષ્ટ્રીય ટીમે કેટલા વર્ષ સુધી દીર્ઘાયુ બનાવનારા જીન્સની શોધ કરી છે?
(અ) ૯૦ (બ) ૧૦૦ (ક) ૧૨૦ (ડ) ૧૧૦
(૯) અમેરિકા અને જાપાનની વૈજ્ઞાનિકોએ અતિદૂરની કેટલી આકાશગંગાઓની શોધ કરી છે?
(અ) ૧૦ (બ) ૨૨ (ક) ૨૮ (ડ) ૩૨
(૧૦) અમેરિકા અને જાપાનના વૈજ્ઞાનિકોએ શોધેલ આકાશગંગાની ઉત્પત્તિ બિગબેંગનાં કેટલા કરોડ વર્ષ પછી થઈ છે?
(અ) ૭૮.૭ (બ) ૬૦.૨ (ક) ૫૦.૮ (ડ) ૯૮.૩
(૧૧) ઈસરોના અહેવાલ પ્રમાણે ૧૯૬૨ થી ૧૦ સબ બેઝિન્સમાં ૧૩૧૭ ગ્લેસિપર્સ માટે ગ્લેસિયસ વિસ્તારમાં સમગ્રયતા ઘટાડો ૫૮૬૬ ચો. કિ.મી.થી ઘટીને કેટલા ચો.કિ.મી. થયો હતો?
(અ) ૧૯૨૧ (બ) ૨૯૨૧ (ક) ૩૯૨૧ (ડ) ૪૯૨૧
(૧૨) તાપમાન તથા $CO_2$ માં વૃધ્ધિની સૌથી વધુ અસર કયા પાક પર થાય છે?
(અ) જુવાર (બ) મકાઈ (ક) ઘઉં (ડ) બાજરી
(૧૩) સૂર્યના કેન્દ્ર જેટલી પ્રચંડ ગરમી ઉત્પન્ન કરવાનો પ્રયોગ એ કયાંના વૈજ્ઞાનિકો કરી રહ્યાં છે?
(અ) યુ.એસ. (બ) યુ.કે. (ક) ભારત (ડ) બાજરી
(૧૪) સૂર્યના કેન્દ્ર જેટલી પ્રચંડ ગરમી ઉત્પન્ન કરવાનો પ્રયોગ એ કયાંના વૈજ્ઞાનિકો કરી રહ્યાં છે?
(અ) ૫ (બ) ૧૦ (ક) ૧૨ (ડ) ૨૦
(૧૫) સેલ્ફ સસ્ટેઈનિંગ ફ્યુઝન માટે સૂર્યની મધ્ય હોય તેનાથી અતિ અંતિમ જેવી સ્થિતિ જોઈએ જેમાં તાપમાન કેટલા મિલીયન સેન્ટિગ્રેડ જેટલું હોય છે?
(અ) ૮૦ (બ) ૫૦ (ક) ૧૦૦ (ડ) ૨૦૦

### ● વિવિધા ●

**વિષય :- ઉચ્ચ હોદ્દાઓ :**




- આઈ.પી.જી : **રાજ્યના પોલીસ વડા**
- સિવીલ સર્જન : **જિલ્લા આરોગ્ય અધિકારી**
- સચિવ : **રાજ્યના વહીવટી ખાતાના વડા**
- મેનેજર : **પોતાના સાથીઓની વ્યવસ્થા કરનાર**
- ચેર પર્સન : **ચેરમેનના હોદ્દા પરથી મહિલા માટે વપરાતો શબ્દ**
- ડાયરેક્ટર : **બોર્ડ ઓફ ડિરેક્ટર્સ પૈકી કોઇ પણ**
- મેનેજિંગ ડાયરેક્ટર : **કાયદેસરની કંપનીનાં વડા**
- હાઈ કમિશ્નર: **રાષ્ટ્રના પ્રતિનિધિ અન્ય રાષ્ટ્રમાં**
- નિયામક : **વ્યવસ્થાતંત્રનાં વડા**
- રજિસ્ટાર : **યુનિવર્સિટીના વહીવટી વડા**
- ગ્રંથપાલ : **પુસ્તકાલયનાં વહીવટી વડા**
- મંત્રી : **ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓનાં મંત્રીમંડળ પૈકીનાં**
- કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ : **રાષ્ટ્રનું નાણાતંત્ર સંભાળનાર**
- એટર્ની જનરલ : **સરકારનો કાયદાકીય સલાહકાર**
- સૉલીસીટર જનરલ : **સરકાર પક્ષે કાયદાકીય સલાહકાર**

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - કોંગ્રેસના કયા ઉદ્યોગપતિ નેતાએ ઝી ન્યૂઝના સંપાદક સામે કેસ કર્યો છે?
જવાબ - શ્રી નવિન ઝિંદાલ

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) જયેન્દ્રપ્રસાદ એમ. પાઠક : ઈન્ફોસીટી જુ. સાયન્સ કૉલેજ
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) શૈલેષ ઝેડ. પટેલ : સે-૨૦
(૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૬) મહેશ એમ. જાદવ : ૩૦
(૭) પટેલ રૂચિત એ. : સે-૨૯

### ● પૂછું એક સવાલ...?

(૧) વૈભવ બી. ભટ્ટ : સે-૨૦થી
પ્રશ્ન - કર્ણાટકનું ગોમતેશ્વર શા માટે જાણીતું છે?

(અનુસંધાન પાના નં. ૬ પર)

## ઉદારતા

મહાન માણસો ગમે તેવી મુસીબતમાં પણ પોતાના ગુણોને છોડતા નથી. અરે, કપરા કાળમાં જાતે દુઃખ વેઠે છે પરંતુ બીજાને સુખી કરવાનું ભૂલતા નથી.

એવા મહાન માણસની વાત છે.

વર્ષો પહેલાં સંસ્કૃત ભાષાના એક કવિ થઈ ગયા. માઘ એમનું નામ. આ કવિ માઘ ભારે ઉદાર દિલના હતા. એમના પાસે આવેલું કોઈ ખાલી હાથે ના જતું.

શરૂમાં તો કવિ માઘ પાસે ઠીક ઠીક સંપત્તિ હતી. પરંતુ આવકનું મોટું સાધન નહીં અને દાન કરવાની ટેવ એટલે કવિ ગરીબ બની ગયા પણ




ઉદારતા છોડી નહોતી.

એક દિવસની વાત છે. કવિ ઘરમાં બેઠા લેખનકાર્ય કરતા હતા. તે સમયે એક બ્રાહ્મણ આવ્યો. એણે બે હાથ જોડી પ્રણામ કરી કહ્યું, ''આપની દાનવૃત્તિની વાત સાંભળી મદદની આશાએ આવ્યો છું. મારે એક દીકરી છે. તે પરણાવવી છે પંરતુ ખર્ચના પૈસા નથી. આપ જો કંઈ મદદ કરો તો...''

બ્રાહ્મણની વાત સાંભળી કવિ વિચારમાં પડી ગયા. પોતાની પાસે કંઇ હતું નહીં પણ યાચકને ખાલી હાથે જવા દેવાનું ગમ્યું નહીં. એટલે અંદર જઇ પત્નીના હાથ પર રહેલી સોનાની બંગડી કાઢી અને બ્રાહ્મણને આપી. પણ તેમનાં પત્ની કહે, ''એક બંગડીથી એનું શું કામ થશે? એને બીજી બંગડી પણ આપો. એમ કહી પોતાની બંને સોનાની બંગડી બ્રાહ્મણના હાથમાં મુકી.''

પેલો બ્રાહ્મણ પતિ-પત્ની બંનેની મહાન ઉદારતા જોઈ નવાઈ જ પામી ગયો.

**- પ્રકાશ લાલા**
**( નાના મજાના પ્રેરક પ્રસંગોમાંથી)**


**બાળ મિત્રો,**

તમને અભ્યાસ કરવામાં ઘણીવાર કંટાળો આવતો હશે. પણ સતત અભ્યાસ કર્યા વિના કશું યાદ રાખી શકાય નહીં. માટે જે કંઇ અભ્યાસક્રમ હોય તેને વારંવાર વાંચવાથી અને લખવાથી જ સારી રીતે યાદ રાખી શકાય.

ભણવાથી કોનું ભલું થયું છે? એવા નકારાત્મક વિચારો કેળવવા નહીં. ગોખણપટ્ટી કરવા કરતા સમજીને વાંચવાથી વધારે લાંબો સમય વાંચેયું યાદ રહેશે.

'મને આવડશે નહીં', 'અઘરો વિષય યાદ રહેશે નહીં' એવું વિચારવાં કરતાં 'અઘરૂં હશે તો મહેનત કરીશ', 'મને જરૂર આવડશે' એવું વિચારીને મહેનત કરવાથી જરૂર બધું યાદ રહેશે. માટે નિયમિત મહેનત કરો. ચોક્કસ ધાર્યું પરિણામ મળશે.

## નજરની કસોટી : બે માછલી સગી બહેન



આ નવ માછલીઓ જુઓ. લાગે છે તે તદ્દન સરખી? પણ હકીકતમાં બે જ માછલીઓ સગી બહેનો છે. એ કંઇ છે તે તમે શોધી શકશો?

## ભેરૂ કરતા યાદ

દૂર દૂરની ટેકરીઓથી
વહેતો આવે સાદ
મને ભેરૂ કરતા યાદ.
રંગબેરંગી ફૂલોની આ
મહેંક મજાની ગમતી
રંગબેરંગી પતંગિયાની
ટોળી અહીંયા ભમતી.
ગીત મધુરા પંખી ગાતા
મળતી સૌની દાદ.
વૃક્ષ અને પર્વત પર ચડવું
લસરવું ને પડવું
ખળખળ વહેતા શીતળ જળને
હાથ ઝબોળી અડવું

**- હરીશ પંડ્યા**